<table>
<tr><td rowspan="5">*</td><td rowspan="5">सत्यमेव जयते</td><td>પ્રાપ્તિ તારીખ</td><td colspan="3">૦૮/૦૩/૨૦૨૧</td></tr>
<tr><td>દાખલ તારીખ</td><td colspan="3">૦૮/૦૩/૨૦૨૧</td></tr>
<tr><td>ફેંસલ તારીખ</td><td colspan="3">૧૦/૦૩/૨૦૨૬</td></tr>
<tr><td>સમયગાળો</td><td>દિવસ</td><td>માસ</td><td>વર્ષ</td></tr>
<tr><td></td><td>૦૨</td><td>૦૦</td><td>૦૫</td></tr>
</table>

FORM – A

મહે. ગાંધીનગરનાં ત્રીજા એડી.સીવીલ જજ અને જે.એમ.એફ.સી. (એફ.એન.સોલંકી) સાહેબશ્રીની કોર્ટમાં, ગાંધીનગર	
જજમેન્ટ તારીખ	૧૦/૦૩/૨૦૨૬
ફોજદારી કેસ નંબર	૧૧૪૬/૨૦૨૧
ગુના રજીસ્ટર નંબર	ખાનગી ફરીયાદ
ફરીયાદી	મકવાણા સંજય બાબુભાઇ રહે. બ્લોક નં. ૧૩૩/૧, છ–ટાઇપ, સે–૧૬, ગાંધીનગર
ફરીયાદી પક્ષે વિ.વકીલ શ્રી	વિ.વ.શ્રી જી.એલ.ટાંક
આરોપી	અનિલકુમાર બબલદાસ નાયક નોકરી સરનામુ– શિક્ષકશ્રી જે.એસ.પટેલ વિધામંદિર, રાંધેજા, તા.જી. ગાંધીનગર રહેઠાણ સરનામુ– પ્લોટ નં. ૪૦૫/૧, કિસાનગર, સે–૨૬, ગાંધીનગર
આરોપી પક્ષે વિ.વકીલ શ્રી	વિ.વ.શ્રી બી.જે.ગોહિલ

FORM – B

ગુનાની તારીખ	પ્રાઇવેટ કંમ્પલેઇન
એફ.આઇ.આર.ની તારીખ	પ્રાઇવેટ કંમ્પલેઇન
તારીખ કે જેના પર ચુકાદો અનામત છે.	૨૯/૧૧/૨૦૨૫૧૦/૦૩/૨૦૨૬
ચુકાદાની તારીખ	૧૦/૦૩/૨૦૨૬
સજાના હુકમની તારીખ, જો હોય તો.	૧૦/૦૩/૨૦૨૬

આરોપીની માહીતી

આરોપી નો રેન્ક	આરોપી/ આરોપી ઓનું નામ	ધરપકડની તારીખ	જામીન પર છુટયાની તા-રીખ	ચાર્ઝફ્રેમ કર્યા મુજબની કલમ	નિર્દોષ કે દોષિત	સજા લાદવામાં આવી	કલમ ૪૨૮ સીઆરપીસી ના હેતુ માટે ટ્રાયલ દરમિ-યાન અટકા-યતોનોસમ-યગાળો
૧.	અનિલકુમાર બબલદાસ નાયક	-----	-----	ધી એન.આઇ. એકટની કલમ-૧૩૮	દોષિત	હા, આખરી હુકમ મુજબ	

FORM – C

પ્રોસીકયુશનના સાક્ષીઓની યાદી

A. પ્રોસીકયુશન

અનું. નં.	નામ	પુરાવાનો પ્રકાર (નજરે જોનાર સાક્ષી, પોલીસ સા-ક્ષી, તબીબ સાક્ષી, પંચ સાક્ષી, અન્ય સાક્ષી)
૧	મકવાણા સંજય બાબુભાઇ	ફરીયાદી

પ્રોસીકયુશનના આંકની સુચી

B. પ્રોસીકયુશન

અનું. નં.	આંક	વિગત
૧	૪	ફરીયાદી મકવાણા સંજય બાબુભાઇની જુબાની
૨	૧૬	એકસીસ બેંક, ગાંધીનગર શાખાનો ચેક નં. ૩૮૮૮૩૧ અસલ ચેક
૩	૧૭	બેંકનો રીટર્ન મેમો
૪	૧૮	આ કામના આરોપીને આપેલ નોટીસની નકલ
૫	૧૯	પોસ્ટની સ્લીપ
૬	૨૦	બંધ કવર રીર્ટન
૭	૨૧	અરજદારના આઇ.ડી.પ્રુફની નકલ

ક્રિમીનલ કેસ નં. ૧૧૪૬/૨૦૨૧

આંક –

::– ઠ રા વ –::

(૧) ફરીયાદીએ હાલની ફરીયાદ ધી નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ (જેને હવે પછીથી ટુંકમાં "ધી ને.ઇ.એકટ" એ રીતે ઉલ્લેખ કરેલ છે) ની કલમ ૧૩૮ અન્વયે દાખલ કરેલી છે.ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપી અને ફરીયાદી એકબીજાને છેલ્લા ઘણા વર્ષોથી ઓળખતા હોઇ અને ઘણી વખત પૈસાની લેવડ દેવડ થતી હોય અને આરોપી ઉપર વિશ્વાસ અને ભરોસો હોઇ ફરીયાદીએ આરોપીને ઘણી વખત તેમની જરૂરીયાત મુજબ નાણાની મદદ કરતા આવેલા.

ત્યારબાદ આરોપીએ આજથી ત્રણ વર્ષ અગાઉ ધંધાકીય કારણસર ફરીયાદી પાસે રૂ. ૫,૦૦,૦૦૦/– અંકે રૂપિયા પાંચ લાખ પુરાની માંગણી કરેલ જેથી ફરીયાદીએ આરોપી ઉપર વિશ્વાસ અને ભરોસો રાખી તેઓ પાસે પડેલ રકમ રૂ. ૫,૦૦,૦૦૦/–અંકે રૂપિયા પાં ચ લાખ પુરા ત્રણ વર્ષ માટે હાથ ઉછીના આપેલા.

ત્યારબાદ ત્રણ વર્ષનો સમય પુરો થયા બાદ ફરીયાદીએ આરોપી પાસે તેઓની લેણી રકમ રૂ. ૫,૦૦,૦૦૦/– અંકે રૂપિયા પાં ચ લાખ પુરાની માંગણી કરેલ જેથી આરોપીએ ફરીયાદીને એકસીસ બેંક ગાંધીનગર શાખાનો ચેક નં.૩૮૮૮૩૧ તા. ૧૧/૩/૧૮ના

રોજનો આપેલો અને જણાવેલ કે આ ચેક તમો તમારા ખાતામાં જમા કરાવશો એટલે તમારી લેણી રકમ મળી જશે. તેવો વિશ્વાસ અને ભરોસો આપેલ. જેથી ફરીયાદીએ આરોપીએ આપેલો ચેક તેઓની આંધ્ર બેંક ગાંધીનગર શાખામાં તા. ૧૧/૬/૧૮ ના રોજ જમા કરાવેલ જે ચેક તા.૧૩/૬/૧૮ ના રોજ ઇફેકટ નોટ એટ કલીયરેડ ના શેરા સાથે પરત ફરેલ.

ત્યારબાદ ફરીયાદીએ આરોપીને આ હકીકત મુજબ જાણ કરી ઉપરોકત રકમ બાબતે આરોપી પાસે ઉઘરાણી કરતા આરોપી દવારા ફરીયાદીને ઉધ્ધતાઇ પુર્વક જવાબ આપેલ અને ઉપરોકત રકમ આપવા અંગે ફરીયાદીને કોઇ નિર્ધારીત સમય જણાવતા ના હોય આરોપી દવારા ફરીયાદી સાથે વિશ્વાસઘાત કરેલ હોઇ અને આરોપીએ ફરીયાદી સાથેના વિશ્વાસના સંબંધોનો અંત આણી છેતરપીડી કરતા હોવાનુ લાગી આવતા ફરીયાદીએ આરોપી વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાનુ નકકી કરી તેઓના વકીલ વિક્રમ કે પરમાર મારફતે સ્ટેચ્યુટરી નોટીસ તા. ૨૨/૬/૧૮ ના રોજ આર.પી.એડી મોકલાવેલી અને સદર નોટીસ બંધ કવર સાથે નો સ ેમ પર્સન ધીસ એડ્રેસ ના શેરા સાથે તા. ૨૯/૬/૧૮ ના રોજ અસલ કવર સાથે પરત ફરેલ છે. આમ, સદર નોટીસ આરોપીને આર.પી.એડી. દવારા બજી ગયેલ હોવા છતાં આરોપીએ નોટીસમાં પ્રમાણેનુ વર્તન કરેલ નથી. તેથી ફરીયાદીને હાલની ફરીયાદ સમય મર્યાદામાં આ અદાલત સમક્ષ દાખલ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે.

(૨) ત્યારબાદ ફરીયાદીની સદર ફરીયાદ રજીસ્ટરે દાખલ કરી આરોપી સામે ધી નેગોશીયેબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ– ૧૩૮ મુજબ સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલો છે, જે સમન્સ આરોપીને બજી જતાં આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતાં આરોપીને ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ અન્વયે ફરીયાદની નકલ તથા દસ્તાવેજી પુરાવાઓ પુરા પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીની આંક–૦૮ થી નિવેદન લેવામાં આવતાં આરોપીએ તેઓની સામેના આક્ષેપિત ગુન્હાનો ઇન્કાર કરતાં સદરહું કેસ ફરીયાદપક્ષના પુરાવાના તબકકે મુકરર કરી આગળની ઇન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલા છે.

<u>ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો</u>

ક્રમ	આંક	વિગત
૧	૪	ફરીયાદી મકવાણા સંજય બાબુભાઇ

ફરીયાદપક્ષનો દસ્તાવેજી પુરાવો

ક્રમ	આંક	વિગત
૧	૪	ફરીયાદી મકવાણા સંજય બાબુભાઇની જુબાની
૨	૧૬	એકસીસ બેંક, ગાંધીનગર શાખાનો ચેક નં. ૩૮૮૮૩૧ અસલ ચેક

૩	૧૭	બેંકનો રીટર્ન મેમો
૪	૧૮	આ કામના આરોપીને આપેલ નોટીસની નકલ
૫	૧૯	પોસ્ટની સ્લીપ
૬	૨૦	બંધ કવર રીર્ટન
૭	૨૧	અરજદારના આઇ.ડી.પ્રુફની નકલ

(૪) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફ વધુ કોઇ પુરાવો રજુ કરવો ન હોય તે મલતબની કલોઝીગ પુરશીશ આંક–૨૬ થી રજુ કરેલ છે.

(૫) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળ વધારાનું નિવેદન રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીએ પોતાના વિશેષ નિવેદનમાં જણાવેલ છે કે, " તેઓએ આવી કોઇ રકમ ફરીયાદી પાસેથી લીધેલ ન હોઇ છતાં ફરીયાદીએ ખોટી રકમ ભરી તેઓ ઉપર ખોટો કેસ કરેલ છે." આ કામે આરોપી પક્ષે તેઓને બચાવ ના સાહેદ તપાસવા હોવાનુ તથા જરુરી દસ્તાવેજ રજુ કરવા હોવાનુ પોતાના વીશેષ નીવેદન મા જાહેર કરેલ હોય, આ કામે તયારબાદ આરોપીના પુરાવા પર લેવામા આવેલ છે.

<u>આરોપીપક્ષનો મૌખિક પુરાવો</u>

ક્રમ	આંક	વિગત
૧	૩૫	આરોપી અનિલકુમાર બબલદાસ નાયકની જુબાની

ત્યારબાદ આરોપી પક્ષ તરફ વધુ કોઇ પુરાવો રજુ કરવો ન હોય તે મલતબની કલોઝીગ પુરશીશ આંક–૩૯ થી રજુ કરેલ છે.

(૬) ફરીયાદપક્ષ તરફે વિધ્વાન વકીલશ્રી જી.એલ.ટાંકનાઓની મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭) આ કામે આરોપી પક્ષે વિધ્વાન વકીલશ્રી બી.જે.ગોહિલ એ પોતાની લેખીત દલીલ આંક –૪૮ થી રજુ કરેલ છે જે અહી આ અરજીના ન્યાય નીર્ણય માટે માનસહ વંચાણે લેવામા આવેલ છે.

(૮) આ કેસમાં તેઓના નિર્ણય અને નિકાલ અર્થે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

– : મુદાઓઃ–

(૧) શું ફરીયાદપક્ષ સાબિત કરે છે કે, આ કામના આરોપીએ કાયદેસરના બાકી લેણા પેટે રૂ.૫,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ લાખ પુરા)નો ચેક આપેલ. જે ફરીયાદીએ પોતાની બેંકમાં રજુ કરતાં વણચુકવ્યું પરત થતાં, ફરીયાદીએ સમય મર્યાદામાં તહોમતદારને ડીમાન્ડ નોટીસ મોકલેલ હોવા છતાં તહોમતદાર ફરીયાદીને ચેક ની રકમ નહીં ચુકવીને ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ?

(૯) ઉપરોકત મુદાઓ પરત્વે તેઓના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

(૧૦) ઉપરોકત નિર્ણયો પરત્વે તેઓના કારણો નીચે મુજબ છે.

–::– કારણો – ::–

(૧૧) **<u>મુદા નં. ૧</u> :–**

સદર કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરતાં પહેલા કાયદાકીય જોગવાઈ ધયાને લેવી આવશ્યક છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૮ ની જોગવાઈ ધ્યાને લેવી આવશ્યક છે. જેના તત્વો નીચે મુજબ છે.

<u>ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના આવશ્યક તત્વો :–</u>

૧: આરોપીએ તેમના દવારા લખવામાં આવેલ ખાતામાંથી ફરીયાદીને નાણા ચૂકવવા ચેક આપેલ.

૨: આરોપીએ ફરીયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશતઃ દેવા માટેની જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

૩ : ચેક જે તારીખે લખ્યો તે તારીખથી ત્રણ માસની અંદર સમય મર્યાદામાં અથવા વેલીડીટી પીરીયડ બંનેમાંથી જે વહેલા તે સમયમર્યાદામાં રજુ કરવામાં આવેલ છે.

૪ : તે ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ છે.

૫ : ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરીયાદીએ નાણાની માં ગણી લેખિતમાં કરેલ હતી.

૬ : તેઓને નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેકના નાણા સમય મર્યાદામાં ચૂકવી આપેલ નથી.

(૧૨) ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટના કાયદા મુજબ અદાલતે બે અનુમાન કરવાના રહેશે, જેમાં પ્રથમ અનુમાન કલમ–૧૧૮ અન્વયે તથા બીજુ અનુમાન કલમ–૧૧૯ અન્વયે કરવાનું રહેશે.

ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ ધ્યાને લઈએ તો

<u>કલમ–૧૧૮–વટાઉખત વિશે માની લેવાની બાબત....</u>

એથી વિરૂધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે.

<u>ક :</u> દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું અને આવા દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય તો તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોત તે વટાવવામાં આવ્યુ હોય તે વટાવવામાં આવ્યુ હોય અથવા તબદીલ કરવામાં આવ્યુ હોય તે અવેજને માટે સ્વીકાર્યુ હતુ તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યુ હતુ.

<u>ખ : તારીખ વિશે :–</u>જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યું અથવા લખી આપ્યું હતુ.

<u>ગ : સ્વીકારવાના સમય વિશે :–</u>સ્વીકારાયેલુ દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલાં વ્યાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યુ હતું.

<u>ઘ : તબદીલના સમય વિશે :–</u> કોઈ વટાઉખતની દરેક તબદીલ તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી.

<u>ચઃ શેરાઓના ક્રમ વિશે :–</u>ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

<u>જ : ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિશે :–</u>કોઈ વટાઉખતનો ધારક યથાક્રમ ધારક છે પરંતુ જયારે તે ખત તેના કાયદેસરના માલીક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યુ હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વિકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય ત્યારે તે ખતનો ધારક પોતે યથાક્રમે ધારક છે એમ સાબિત કરવાનો બોજો તેના ઉપર છે.

<u>કલમ–૧૩૯ – ચેક ના ધારણકર્તાની તરફેણમાં અનુમાન :–</u>

વિરૂધ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી એવું માનવામાં આવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૯ માં દર્શાવ્યા મુજબ કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજ મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે. પાછો ફરેલ ચેક વર્તમાન લેણાનો કે જવાબદારી પુરી કરવા માટેનો હતો પરંતુ આ અનુમાન કરીને તે ચેક દેવા પરત્વેનો ન હતો તે સાબીત કરવાની જવાબદારી ચેક આપનાર ઉપર છે.

(૧૩) આમ, જયારે ફરીયાદી ધ્વારા ઉપરોકત તમામ મુદ્દાઓ પુરવાર કરવામાં આવે ત્યારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમઃ–૧૧૮(એ) તથા કલમ–૧૩૯ અનુસાર ફરીયાદીની તરફેણમાં અનુમાનો કરી શકાય તેવી જોગવાઈ છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમઃ ૧૧૮(એ) ની જોગવાઈ અનુસાર જયાં સુધી વિરુધ્ધનુ સાબિત ના થાય ત્યાં સુધી દરેક વટાઉખત અવેજના માટે કરી આપ્યાનુ માની લેવામા આવશે. તે જ રીતે ધ નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમઃ–૧૩૯ ની જોગવાઈ અનુસાર વિરુધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી અનુમાન કરવામાં આવશે કે, ચેકના ધારણકર્તાએ તે ચેક કલમ–૧૩૮ની જોગવાઈ અનુસાર તેમના કાયદેસરના દેવા અથવા જવાબદારીની અંશતઃ અથવા પુર્ણ ચુકવણી માટે મેળવવામાં આવેલ હશે. ઉપરોકત બંને કલમ હેઠળ ફરીયાદીની તરફેણમાં અનુમાન થઈ શકે.

પરંતુ બંને જોગવાઈમાં "વિરુધ્ધનુ સાબિત ના થાય તો" તેવા શબ્દો પ્રયોજવામાં આવેલ છે. જે માટે ફરીયાદીએ પાયાગત હકીકતો (ફાઉન્ડેશનલ ફેકટસ) પુરવાર કરવા પડે. જો ફરીયાદી તેમ કરવામાં સફળ થાય તો ઉપરોકત અનુમાનો ફરીયાદીની તરફેણમાં કરવા પડે. આ બંને અનુમાનો ખંડિત થઈ શકે તે પ્રકારેના અનુમાનો છે. આવા અનુમાનોનું ખંડન કરવાનો બોજો આરોપીના શીરે રહે છે. જે માટે આરોપીએ અનુમાનોનુ ખંડન થઈ શકે તેટલો ચુસ્ત, વિશ્વાસપાત્ર, ભરોસાપાત્ર, માનવાપાત્ર તથા પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો રેકર્ડ પર લાવી અનુમાનોનું ખંડન

કરવાનું રહે છે. જે માટે આરોપીએ પોતાનો મૌખિક કે દસ્તાવેજી પુરાવો આપવો જરૂરી નથી. આરોપી રેકર્ડ પરના પુરાવા ઉપરથી પણ અનુમાનોનું ખંડન કરી શકે છે.

(૧૪) આમ, જયારે ચેક ફરીયાદીને અપાયેલ હોય ત્યારે તેમની તરફેણમા પ્રાથમીક અનુમાનો હોય છે. આ હેતુસર મંગુભાઈ મનસુખભાઈ પંડયા વી.સ્ટેટ ઓફ ગુજરાત ના (૧૯૯૨(૨) જી એલ એચ પાના નં.૬૫) ના કેસમા નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઠરાવવામા આવેલ છે કે,Section-118 of the N.I.Act raises a statutory presumption that,

- There was consideration for every negotiable instrument. This presumption continues until it is rebutted.
- Onus of proof that there was no consideration is on the defendant.
- Initial burden lies on the plaintiff to prove execution of the pronate. But once the burden discharged court has to raise the statutory presumption.

એ જ રીતે નામદાર સુપ્રિમ કોર્ટે ભારત બેરલ અને ડ્રમ મેન્યુ. કંપની લીમી. વી. અમીન ચંદ પ્યારેલાલ(૧૯૯૯(૩) એસ સી સી ૩૫) ના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ છે કે, The Bare denial of the passing of the consideration apparently does not

appear to be any defence. Something which is probable has to be brought on record for getting benefit the onus of proving to the plaintiff. To disprove the presumption, the defendant has to bring of record such facts and circumstances upon consideration of which the court may believe that the consideration does not exist or its non- existence was so probable that a prudent man would, under the circumstances of the case, act upon the plea it did not exist."

એજ રીતે અન્ય એક નામદાર સુપ્રિમ કોર્ટ ના કે એસ બીના વી.મુનીયાપ્પન ના કેસમા પણ નામદાર કોર્ટે પ્રસ્થાપીત કરતા જણાવેલ છેકે એક વાર ચેક ઈસ્યુ કરાયેલ હોય તયારે માત્ર આ ચેક કોઈ લેણી માટે ઈસ્યુ કરાયેલ નથી તેવી ઈન્કારી પુરતી નથી અને એ હકીકત સાબીત કરવાની જવાબદારી આરોપી પક્ષની છે, Burden of proving that cheque had not been issued for any debt or liability is on the accused. Denial averments in reply by accused are not sufficient to shift burden of proof on to the complainant. Accused has to prove in trial by leading cogent evidence that there was no debt or liability. Further held that, setting a side of conviction on basis of some formal evidence led by accused is not proper.

(૧૫) આ કામે પક્ષકારો તરફથી રજુ થયેલ ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ઘ્યાને લેતાં, આરોપીપક્ષે ફરીયાદીની કરવામાં આવેલ લંબાણપુર્વકની ઉલટ તપાસ ઘ્યાને લેતાં તથા તેમા ઉઠાવેલ બચાવો ચકાસ્યા બાદ આરોપીપક્ષે કલમ–૧૩૯ ના કાયદાકીય અનુમાનનું ખંડન કરતો પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ છે કે કેમ ? તે સંદર્ભે સૌપ્રથમ જોવામાં આવે તો, આંક–૧૬ વાળા તકરારી ચેકમાં આરોપીએ પોતાની સહી બાબતે કોઈ જ વાજબી તકરાર લીધેલ ના હોય, તે રીતે આ સહી સ્વીકારેલ છે. વધુમા આરોપીની ઉલટતપાસ જોવામા આવે તો આ ચેક પોતાનો હોવાનુ તથા સહી પોતાની હોવાનુ સ્વીકારેલ છે અને જયારે આરોપી ચેકમાં પોતાની સહી સ્વીકારતા હોય તેવા સંજોગોમાં નામદાર સુપ્રિમ કોર્ટના રંગપ્પા વી. શ્રી મોહન ના ચુકાદા મુજબ ચેકના યથાનુક્રમના ધારક – હોલ્ડર ઈન ડયુ કોર્ષની તરફેણમાં અદાલતે પ્રાથમીક અનુમાન કરવાનું હોય છે. જેથી પ્રાથમિક તબકકે ફરીયાદવાળો ચેક આરોપીએ ફરીયાદીના કાયદેસરના લેણાની જવાબદારી સ્વીકારી ઈસ્યુ કરેલ હોવાનું અનુમાન આ અદાલતે કરેલ છે. અને તે વિગતે રેકર્ડ પર આવેલ પુરાવાનું અર્થઘટન આ અદાલતે કરેલ છે કે શું આરોપી ખરેખર પુરવાર કરે છે કે, કાયદેસરનું લેણું ન હોવા છતાં ફરીયાદીએ આરોપીના ચેકનો દુરઉપયોગ કરી હાલની ખોટી ફરીયાદ આરોપી સામે દાખલ કરેલ છે.આ કામે આરોપી પક્ષે પોતાને જાતે સાહેદ ચકાસવા મા આવેલ છે. એ સીવાય તેમના

તરફે કોઈ વીશેષ પુરાવો રજુ થયેલ નથી. આ કામે આરોપીએ પોતાની વીસ્તૃત ઉલટતપાસ થકી નીચે મુજબના બચાવો ઉઠાવેલ છે જે ની ચર્ચા અહી એક સાથે કરવામા આવેલ છે.

(૧૬) સદરહુ કેસમાં આંક –૪ થી ધી નેગોસીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૪૫માં જણાવેલ જોગવાઈ અન્વયે સોગંદનામા ના સ્વરૂપમાં ફરીયાદ ફરીયાદીનો મૌખિક પુરાવો રજુ કરેલ છે. આંક–૪નો ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતા તેમા તેમણે મોટાભાગની પોતાની ફરીયાદ હકીકતોનુ પુનરાવર્તન કરેલ હોય તેનુ અહી ફરીથી પુનરોચ્ચાર કરેલ નથી.

આ કામે તેમની ઉલટતપાસ દરમ્યાન ફરીયાદીએ વાત કબુલ રાખેલ છે કે, તેઓ ધોરણ દશ ફેલ છે. તેઓ દુધનુ પાર્લર ચલાવે છે. આશરે મહિને પચ્ચીશથી ત્રીસહજાર કમાઉ છે. આશરે મહિનાનો પંદરથી વીસ હજાર ખર્ચ તેઓને થાય છે. આ ખર્ચ સિવાય પૈસાની જરૂર પડેતો તેઓને બે કમાથી લેવા જવુ પડે. તેઓ ત્રણ બેંક આંધ્ર બેંક યુનીયનબેંક અને એસ.બી.આઇ. બેંક માં ખાતા ધરાવે છે. ઉપરોકત ત્રણેય બેંકના સને ૨૦૧૫ થી ૨૦૧૮ સુધીના બેંક સ્ટેટમેન્ટ તેઓ નામ. કોર્ટ માં રજુ કરી શકે નહી. સાહેદ સ્વચ્છાએ જણાવે છે. કે તેઓ આંધ્ર બેંકનુ સ્ટેટમેન્ટ રજુ કરવા સહમત છે. અને આંધ્ર બેંક સિવાયની બેંક માં પણ તેઓને વ્યવહાર થાય છે. અને બેંક વ્યવહાર ચાલુ હોવાથી પાસબુકમાં તેની એન્ટ્રી પડાવી શકે અને આ વ્યવહાર ચાલુ હોય અન્ય બેંકની પાસબુક નામ.કોર્ટમાં રજુ કરવા તૈયાર નથી.

એ વાત કબુલ રાખેલ છે કે, વીસહજારથી વધુ રકમ રોકડમાં આપી ન શકાય તે વાત તેઓ જાણે છે. અને આરોપી શુ કામ ધંધો કરે છે તે તેઓ જાણતો નથી. અને આરોપીના કામધંધા વિષે તેઓ તપાસ કરેલ નથી. એ વાતની તેઓને ખબર નથી કે આરોપી શિક્ષક હતા અને તેમનો પગાર પાસઠથી સીતેરહજાર જેટલો હતો. એ વાત કબુલ રાખેલ નથી કે, નાણા આપ્યાની નોંધ કરેલ છે. એ વાત કબુલ રાખેલ છે કે, તેઓ પૈસા પરત આવ્યાની નોંધ કયાય કરેલ નથી. એ વાત કબુલ રાખેલ નથી કે, પૈસા ઉછીના આપ્યા અંગે સીકયુરીટી પેટે કોરા ચેકો તેઓ લય છે. એ વાત કબુલ રાખેલ છે કે, તેઓ ઇન્મટેક્ષ રીટર્ન ભરતો નથી. અને આરોપી સાથે તેઓ સિધ્ધો સંબંધ નથી. એ વાત કબુલ રાખેલ નથી કે, મિત્ર દવારા તેઓ બધાને વ્યાજે પૈસા આપે છે. એ વાત સ્વીકારેલ છે કે, આ પૈસા તેઓએ કોઇની હાજરીમાં આપેલ નથી. આરોપીને આ રકમ પથીકાશ્રમ મેઇન ગેટ પાસે આપેલી. અને આરોપીને આ રકમ ટુકડે ટુકડે આપેલી. અને તેઓની ફરીયાદ તથા જુબાનીમાં તેઓ વાંચી સમજીને સહી કરેલ છે. અને તેઓની ફરીયાદ કે જુબાનીમાં આરોપીને ટુકડે ટુકડે રકમ આપ્યાનુ જણાવેલ નથી. આરોપીને ટુકડે ટુકડે કેટલી રકમ આપેલ અને કેટલા અંતરમાં આપેલ તે તેઓને યાદ નથી. અને આરોપીને આ રકમ ટુકડે ટુકડે બે વર્ષ સુધી આપેલી. અને તેઓની ફરીયાદમાં આ રકમ તેઓએ આરોપીને ત્રણ વર્ષ અગાઉ આપેલ તેવુ જણાવેલ છે. આ રકમ તેઓએ સને ૨૦૧૫ માં આપેલી.

એ વાત અસ્વીકારેલ છે કે, આજ આરોપી ઉપર તેઓએ સને ૨૦૧૭ માં નેગો.૧૩૮ નો કેસ કરેલ છે. અને આજ આરોપી ઉપર તેઓએ સને ૨૦૧૮ મા પણ નેગો.૧૩૮ નો કેસ કરેલ છે. આમ કુલ ત્રણ કેસ આરોપી પર કરેલ છે. આરોપીએ આ ફરીયાદવાળો ચેક તેઓને કોઇની હાજરીમાં આપેલ નથી. આરોપી તેઓને આ ચેક ઘ–પ પર આપી ગયેલ. આ ચેક આપ્યો ત્યારે ત્યા કોઇ હાજર ન હતુ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આરોપી બાઇક લઇને આવેલા એ વાત સ્વીકારેલ છે કે, આ ફરીયાદવાળા ચેક સિવાય અન્ય કોઇ ચેક તેઓને અગાઉ મળેલ નથી આ ચેક તેઓને આરોપીએ સને ૨૦૧૬ કે ૧૭ માં આપેલો અને આ ચેકમાં બધી વિગતો ભરેલી હતી અને આરોપીએ સહી કરી તેઓને ચેક આપેલો.

એ વાત સ્વીકારેલ છે કે, આજ આરોપી ઉપર ક્રિમીનલ કેસ ૯૧૨/૧૮ નેગો.૧૩૮ નો કરેલ છે. એ વાત અસ્વીકારેલ છે કે, તે કેસની ઉલટતપાસમાં તેઓને એવુ જણાવેલ છે કે આરોપી રીટાયર્ડ સરકારી કર્મચારી છે. એ વાત સ્વીકારેલ છે કે, આજ આરોપી ઉપર ક્રિમીનલ કેસ ૯૦૨/૨૦૧૬ નેગો.૧૩૮ નો કરેલ છે. એ વાત અસ્વીકારેલ છે કે, આ કેસની નોટીસની બજવણી આરોપીને થયેલ નથી.

તેઓને આંક–૧૬ વાળો ચેક બતાવવામાં આવે છે તેમાની તમામ વિગતો આરોપીએ ભરેલી. તેઓએ આરોપી પાસે બે ત્રણ વર્ષ પછી ઉઘરાણી કરેલી. આરોપી પાસે સને ૨૦૧૮ ના દોઢવર્ષ

પછી એકવર્ષ બાદ તરકારી ચેક આપેલો. એ વાત અસ્વીકરેલ છે કે, ક્રિમીનલ કેસ નં. ૯૦૨/૧૬ ના કામે આરોપી સાથે તેઓને સમાધાન થયેલુ. અને આરોપી સાથે સમાધાન થયા બાદ તેઓની પાસે પડેલ બે ચેકોના પાછળથી કેસો કરેલ છે. અને ક્રિમીનલ કેસ નં. ૯૦૨/૧૬ ના કામે આરોપી સાથે તેઓને સમાધાનના ચેક નો ક્રિમીનલ કેસ નં. ૯૧૨/૧૮ દાખલ કરેલો. અને આવી કોઇ ફરીયાદ દાખલ કરેલ નથી.

એ વાત સ્વીકારેલ છે કે, હાલની ફરીયાદમાં આરોપીએ ટુકડે ટુકડે રકમ આપેલાનુ જણાવેલ નથી. તેઓએ આરોપીને ધંધાકીય કારણોસર પૈસા આપેલ તે ધંધાકીય કારણ તેઓ જણાવી શકે નહી એ વાત તેઓને યાદ નથી કે તકરારી ચેક તેઓ આરોપીએ આપ્યાના કેટલા સમય પછી તેઓ ચેક બેંકમાં નાખેલો. તેઓ ભરતભાઇ રાવલ વાવોલવાળાને ઓળખે છે. તે તેઓના મિત્ર થાય છે. એ વાતની તેઓને ખબર નથી કે ભરતભાઇ રાવલે પણ આવા ૧૩૮ ના ઘણાબધા કેસો કરેલ છે. એ વાતનો તેઓને ખ્યાલ નથી કે આ ભરતભાઇ રાવલે હાલના આરોપી પર ૧૩૮ નો કેસ કરેલ છે. એ વાત અસ્વીકારેલ છે કે, આરોપી સાથે તેઓને સમાધાન થઇ ગયેલ પરંતુ ભરતભાઇ રાવલ પાસેથી આરોપીનો ચેક મેળવી હાલની ખોટી ફરીયાદ કરેલ છે.

(૧૭) હાલના કામે આરોપીપક્ષે ફરીયાદની વીરુઘ્ધની હકીકતો પુરવાર કરવા સારું આંક–૩૫ થી પોતાની સોગંદ ઉપરની જુબાની રજુ

કરેલ છે, જેમાં તેઓ જણાવે છે કે, સદર કામના ફરીયાદીએ આરોપી વિરૂઘ્ધ નામ. કોર્ટમાં હાલની ફરીયાદ કરેલી છે. તે બિલકુલ ઉપજાવી કાઢેલ છે. આરોપીને ફરીયાદી પાસે આવી મોટી રકમ લ ેવાની કાઇ જરૂર પડેલ હોઇ તેમ બનેલ નથી આરોપી પોતે ફરીયાદ દાખલ સમયે સરકારી નોકરી કરતા હોઇ આરોપીનો માસિક પગાર રૂ.૬૦,૦૦૦/– જેટલો હોઇ જેથી ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ રકમ હાથ ઉછીના લેવાની જરૂર પડેલ હોઇ તેવુ બનેલ નથી આરોપીએ અને ફરીયાદી પાસેથી જે રકમ લીધેલ હતી તેના બદલામાં આરોપીએ ફરીયાદીને કોરા સહી વાળા ચેકો આપેલા અને આરોપીએ ફરીયાદીને જે રકમ લીધેલી તેના બદલામાં આરોપીએ ફરીયાદીને બદલામાં નવુ એલસીડી ટીવી આપી દીધેલ અને રૂ.૧૫,૦૦૦ રોકડા આપેલા અને બધો નાણાકીય વ્યવહાર પુરો કરેલ અને જે વખતે આરોપીએ ફરીયાદી પાસે તેઓના કોરા ચેકો માગેલા તો ફરીયાદીએ તેઓને જણાવેલ કે હાલ તમારા ચેકો કયાક મુકવામાં આવેલ છે. તેથી મળતા નથી જેવા મળશે તેવા તમને તરત જ પાછા આપી દઇશ તમારા ચેકોનો કોઇ ખોટો દુર ઉપયોગ નહી થાય તેવુ જણાવી તેઓને વિશ્વાસ આપેલો જેથી તેમના ઉપર વિશ્વાસ રાખેલો અને જયારે ફરીયાદીએ તેઓના ઉપર ફરીયાદ કરી ત્યારે તેઓ તેમને મળેલા અને જણાવેલ કે તેઓ તમને પૈસા આપી દીધેલ છે કતો તમે તેઓના ઉપર આવી ખોટી ફરીયાદ કેમ કરી તો ફરીયાદીએ જણાવેલ કે તમારી પાસેથી મોટો તોડ કરવાનો હોય ફરીયાદ કરેલ છે આમ આરોપીએ ફરીયાદીને નાણા પરત કરેલ

હોવા છતા ફરીયાદીએ તેઓના કોરા ચેકો પડેલા હોય જેમા ખોટી વિગતો અને રકમો ભરી તેઓની પાસેથી તોડ કરવાના ઇરાદે આ ખોટી ફરીયાદ કરેલ છે.

વધુમાં જણાવે છે કે અગાઉ ફરીયાદીએ તેઓની ઉપર બીજા પણ ત્રણ ચેક રીટર્ન ના કેસો કરેલા. ફરીયાદીએ તેઓની ઉપર ૨૦૧૭માં ચેક રીટર્નનો કેસ કરેલ અને ત્યારથી તેઓ આરોપી સાથે કોઇ સંબંધના હોય છતા પણ આરોપીએ તેની પાસે પડેલા કોરા ચેકોમાં ખોટી રકમો ભરી તેઓની ઉપર ખોટી ફરીયાદ કરેલ છે. અગાઉની ફરીયાદમાં સમાધાન થયેલ પછી તેઓ આરોપી સાથે કોઇ વ્યવહાર ના હોય છતા આરોપીએ કોરા ચેકમાં ખોટી રકમ લખી તેઓની ઉપર ખોટી ફરીયાદ કરેલ છે.

ત્યારબાદ ફરીયાદીના વિ.વ.શ્રી દવારા આરોપીની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમા તેઓ એ વાત સ્વીકારેલ છે કે, તેઓએ સરતપાસમાં જણાવેલ ફરીયાદીને આપેલ ટી.વી.નુ કોઇ બીલ આ કામે તેઓ રજુ કરેલ નથી. અને તેઓની ફરીયાદીને પંદર હજાર રોકડા આપેલ તેની તેઓએ કોઇ પાવતી લીધેલ નથી અને તકરારી ચેકો બાબતે તેઓએ કોઇ પાવતી લીધેલ નથી. અને તકરારી ચેકો બાબતે તેઓએ કોઇ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરી નથી. એ વાત અસ્વીકારેલ છે કે, તેઓનેપાંચ લાખ લીધેલ તે ફરીયાદીને પરત આપવા ન પડે એટલા માટે ખોટી જુબાની આપે છે.

(૧૮) આ કામે રેકર્ડ પર બંને પક્ષેનો પુરાવો રજુ થયેલ છે, જેને ચકાસતા આ કામે આરોપી ખરેખર પોતાના વીરુધ્ધમા રહેલ અનુમાનોનુ ખંડન કરવામા સફળ રહેલ છે કે કેમ તે ચકાસવામા આવે તો, સૌ પ્રથમ તો આ કામે આરોપીએ ચેક મા પોતાની સહી નહી હોવા બાબતે કોઈ તકરાર લીધેલ નથી, તથા વાદગ્રસ્ત ચેક વાળુ ખાતુ પણ આરોપી પોતે નીભાવતા નહી હોવા અંગેનો કે ચેક પોતાના નહી હોવાનો કે સહી પોતાની નહી હોવાનો કોઈપણ બચાવ આરોપીએ લીધેલ નથી. જેથી ફરીયાદીએ આરોપીને હાથ ઉછીની રકમ આપેલ જેના બદલામાં તે લેણી રકમની ભરપાઈ કરવા પેટે હાલના વાદગ્રસ્ત ચેક આરોપીએ ફરીયાદીને આપેલ હોય તે સ્વાભાવીક માની શકાય તેવી હકીકત છે જેથી હાલના કામના વાદગ્રસ્ત ચેક તે ફરીયાદીને આરોપીએ ઉછીના લીધેલ નાણાની લ ેણી રકમ ભરપાઈ કરવા આપેલ હોવાનું પ્રથમ દર્શનીય રીતે પુરવાર થાય છે. વધુમાં જો ખરેખર આરોપીએ ફરીયાદી પાસેથી કોઈ રકમ મેળવેલ ના હોત તો આંક–૨૦વાળી નોટીસ આરોપીને બજેલ ત્યારે આરોપીએ તે નોટીસનો જવાબ આપી નાણા પરત આ પ્યાનો કે કહેવાતા નાણા નહી લીધેલ હોવાનો બચાવ લીધેલ હોત કે તે બાબતે નોટીસનો જવાબ આપી શકે પરંતુ આરોપી દવારા તેઓને નોટીસ બજવા છતાં નોટીસનો કોઈ જવાબ આપી પોતાનો બચાવ રજુ કરેલ નથી. આમ, આરોપીનાએ અત્રેની કોર્ટમાં વીસ્તૃત પુરાવો રજુ કરેલ હોવા છતા ચેક તથા સહી બાબતે આવેલ પુરાવાનુ ખંડન કરેલ નથી.

(૧૯) આ કામે આરોપી પક્ષે આ ફરીયાદીની ઉલટતપાસ થકી પોતાના પુરાવા દરમયાન તથા દલીલમા એક બચાવ એવો ઉઠાવવામા આવેલ છેકે, આ કામે આરોપી સરકારી નોકરીયાત હોય, તેઓને આ કહેવાતી રકમ ની લોન રુપે લેવાની જરુરીયાત જ ના હોય, તથા ફરીયાદીએ પોતાની ઉલટતપાસમા જાતે સ્વીકારેલ છે કે " તેઓ દુધનુ પાર્લર ચલાવે છે. આશરે મહિને પચ્ચીશથી ત્રીસહજાર કમાઉ છે. આશરે મહિનાનો પંદરથી વીસ હજાર ખર્ચ તેઓને થાય છે. આ ખર્ચ સિવાય પૈસાની જરૂર પડેતો તેઓને બેંક માથી લેવા જવુ પડે. વીસહજારથી વધુ રકમ રોકડમાં આપી ન શકાય તે વાત તેઓ જાણે છે.તથા તેઓ ઇન્મટેક્ષ રીટર્ન ભરતો નથી. આ પૈસા તેઓએ કોઇની હાજરીમાં આપેલ નથી. આરોપીને આ રકમ પથીકાશ્રમ મેઇન ગેટ પાસે આપેલી. અને આરોપીને આ રકમ ટુકડે ટુકડે આપેલી. અને તેઓની ફરીયાદ તથા જુબાનીમાં તેઓ વાં ચી સમજીને સહી કરેલ છે. અને તેઓની ફરીયાદ કે જુબાનીમાં આરોપીને ટુકડે ટુકડે રકમ આપ્યાનુ જણાવેલ નથી. આરોપીને ટુકડે ટુકડે કેટલી રકમ આપેલ અને કેટલા અંતરમાં આપેલ તે તેઓને યાદ નથી. અને આરોપીને આ રકમ ટુકડે ટુકડે બે વર્ષ સુધી આપેલી."આમ ઉપરોકત જુબાની આધારે આરોપી તરફે બચાવ લેવાયેલ છે કે આ જુબાની જોતા આટલી મોટી રકમ આપયાની હકીકત માની શકાય નહી. પરંતુ આ હેતુસર કાયદાકીય જોગવાઈ જોવામા આવે તો,સેકશન–૨૦ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ

એકટ મુજબ જયારે કોઈ ચેક કોઈ વ્યકિત સહિ કરીને આપતા હોય તો તે કાયદેસરના લેણા પેટે આપેલ હોય તેવું અનુમાન કોર્ટે કરવાનુ રહે છે અને તેનો ખંડનાત્મક પુરાવો રજુ કરવાની જવાબદારી જે તે વ્યકિત ચેક આપનાર હોય તેની રહે છે. પંરતુ અહી કયાય પણ આરોપી એ સબળ પુરાવા થકી જણાવી શકેલ નથી કે આ કામે તેમનો પગાર પુરતો હોય, તેઓને લોન કે કહેવાતા નાણા ઉછીના લેવાની જરુરીયાત પડેલ નહી.આ કામે ના તો આરોપીએ રેકર્ડ પર પોતાનો પગાર પુરવાર કરેલ છે નાતો ફરીયાદી ની આ નાણા ધીરવાની અક્ષમતા પુરવાર કરેલ છે.

આ કામે જયારે આરોપીનો અસલ ચેક ફરીયાદમા રજુ થતો હોય તયારે આ કહેવાતો તકરારી ચેક આ હેતુ માટે નહી પરંતુ બીજા હેતુ માટે અપાયેલ હતો તેવુ પુરવાર કરવાની જવાબદારી આરોપીની રહે છે. જે માટે આરોપીએ અહી માત્ર મૌખીક રજુઆતનો જ આશરો લીધેલ છે. ફરીયાદીની તરફેણમા પુરવાર થયેલ અનુમાનો ના ખંડન માટે આરોપીએ માત્ર પ્રોબેબેલ ડીફેન્સ જ લાવવાની જરુર છે , અને તેના માટે જાતે પોતાને સાક્ષી તરીકે ચકાસવાની જરુર નથી પરંતુ આ પ્રોબેબલ ડીફેન્સ તે ફરીયાદીના કેસમા શંકા લાવે તેટલા પ્રમાણ મા હોવો ખુબ જ જરુરી છે.

વધુમા જોવામા આવે તો , આ કામે આરોપીએ ઘણી બધી વીરોધી હકીકતો એક સાથે કબુલ કરેલ હોય, તેમણે ઉધાર રકમ મેળવેલ નહી હોવાનુ માની શકાય નહી. આરોપી જાતે પોતાના સોંગદનામા મા સ્વીકારે છેકે, જે રકમ લીધેલ હતી

તે પરત આપી દીધેલ અને વધુમા ટીવી પણ આપેલ હતુ. આમ એક બાજુ રકમ નહી લીધાનુ કહેતા હોય અને બીજી બાજુ રકમ ચુકવી દીધાનુ કહેતા હોય, તયારે આરોપી પોતાની જ હકીકતો થી વીરુઘ્ધનુ કબુલ કરતા હોય,તેમનો આ બચાવ ટકવાપાત્ર જણાતો નથી.

આ હેતુસર નામદાર સુપ્રિમઅદાલતના લેન્ડમાર્ક ચુકાદા ***Basalingappa vs Mudibasappa*** ના કેસમા ઠરાવ્યા મુજબ “ 28. In the absence of compelling justifications, *reverse onus clauses usually impose an evidentiary burden and not a persuasive burden.* Keeping this in view, it is a settled position that when an accused has to rebut the presumption under Section 139, the standard of proof for doing so is that of “preponderance of probabilities”. Therefore, if the accused is able to raise a probable defence which creates doubts about the existence of a legally enforceable debt or liability, the prosecution can fail. As clarified in the citations, the accused can rely on the materials submitted by the complainant in order to raise such a defence and it is conceivable that in some cases the accused may not need to adduce evidence of his/her own.” આ ચુકાદામા ઠરાવ્યા મુજબ આરોપી ઉપરોકત હકીકત આ રીતે સાબીત કરી શકેલ નથી.

અને તક મળેલ હોવા છતા મૌખીક પુરાવાના આધારે રહેલ હોય, આરોપીનો આ બચાવ ટકવાપાત્ર જણાતો નથી.આ કામે આરોપીએ પોતાની જાતને સાક્ષીના પીજરામા લાવીને ચકાસેલ છે પરંતુ તેટલા માત્રથી તે પ્રોબેબલ ડીફેન્સ લાવેલ હોવાનુ માની શકાય નહી. પ્રોસીજર મુજબની કાર્યવાહી કરવાથી પુરાવાઓ સાબીત છે એમ કહી શકાય નહી.

(૨૦) આ કેસમા આરોપીએ પોતાના એક બચાવ તરીકે ફરીયાદીની નાણા ધીરવા જેટલી ફાયનાન્સીયલ કેપેસીટી ના હોવાનો એક બચાવ ઉભો કરેલ છે. અને એ હેતુસર ઉલટતપાસમા ફરીયાદીએ જે હકીકતો સ્વીકારેલ છે કે , તેઓને વધુ નાણા લેવા બેંક મા જવુ પડે તથા ફરીયાદીની કમાણી પચ્ચીસ થી ત્રીસ હજાર હોવાનુ સ્વીકારેલ છે તેને આધારે આ બચાવ લેવામા આવેલ છે. આમ આના થકી ફરીયાદીઆ નાણા ધીરી શકે તે માટે સક્ષમ ના હતા તેવુ આરોપીની દલીલ છે.

પરંતુ આરોપીની પોતાના આ બચાવથી જ વીરુધ્ધની હકીકતો નો સ્વીકાર રેકર્ડ પર કરેલ છે તેને અહી જોવામા આવેતો ,આરોપીએ જાતે પોતાની સરતપાસમા આ કામ ના ફરીયાદી સાથે ના રકમ ના બદલામા કોરા– માત્ર સહી વાળા ચેક આપેલ હોવાનુ તથા રોકડા પંદર હજાર ચુકવ્યાનુ તથા એક એલસીડી ટીવી આપેલાનુ સ્વીકાર કરેલ છે. આમ આરોપીની આ હકીકતો એકબીજાથી તદન વીરોધાભાસી છે. એક બાજુ પોતાને ઉછીના નાણા લેવાની જરુર જ નથી એમ રજુઆત હોય

અને બીજી જ લાઈનમા આ નાણા ના બદલા મા ચેકો તથા ટીવી તથા રોકડ રકમ આપયાનુ સ્વીકાર કરાતો હોય તેવા સમયે આરોપીનો આ બચાવ તેમની તદન વીરોધાભાસી હકીકતો ના આધારે માનવા પાત્ર જણાતો નથી. અને એટલા માત્રથી ફરીયાદીની નાાણાકીય અ–ક્ષમતા પુરવાર થતી નથી.

ફરીયાદી દ્રારા રજુ કરવામા આવેલ દસ્તાવેજો ને ધ્યાને લેતા તેમની નાણાકીય સક્ષમતા જણાય આવયા બાદ '' ONUS SHIFTING'' થયા બાદથી આરોપી તરફે તેના ખંડન રુપ કોઈ આધાર પુરાવા રજુ થયેલ નથી. ચોકકસ પણે આ જજમેન્ટ મા ઠરાવ્યા મુજબ કોઈ પણ વ્યકતીને નેગેટીવ પુરાવો લીડ કરવા કહી શકાય નહી. પરંતુ બસીલીંગ્ગપપા ના કેસમા પારા –૧૧ મા ટાંકેલ અન્ય ચુકાદોતે ભારત બેરલ એન્ડ ડ્રમ મેન્યુફેકચરીંગ કંપની વી. અમીનચંદ પ્યારેલાલ ના કેસમા પારા ૧૨ મા ઠરાવયા મુજબ “Upon consideration of various judgments as noted hereinabove, the position of law which emerges is that once execution of the promissory note is admitted, the presumption under Section 118(a) would arise that it is supported by consideration. Such a presumption is rebuttable. The defendant can prove the non-existence of consideration by raising a probable defence. If the defendant is proved to have discharged the initial onus of proof showing that the existence of consideration was improbable or doubtful or the same was illegal, the onus would shift to the plaintiff who will be obliged to prove it as a

matter of fact and upon its failure to prove would dis-entitle him to the grant of relief on the basis of the negotiable instrument. **The burden upon the defendant of proving the non-existence of the consideration can be either direct or by bringing on record the preponderance of probabilities by reference to the circumstances upon which he relies**. In such an event the plaintiff is entitled under law to rely upon all the evidence led in the case including that of the plaintiff as well. In case, where the defendant fails to discharge the initial onus of proof by showing the non-existence of the consideration, the plaintiff would invariably be held entitled to the benefit of presumption arising under Section 118(a) in his favour. આમ આ ચુકાદામા ઠરાવ્યા મુજબ આરોપી પક્ષે આવો બચાવ મૌખીક રુપે ઉઠાવ્યા બાદ થી ફરીયાદ પક્ષે તેનુ ખંડન થયા બાદથી તેના પર પણ શંકા થાય તેવો કોઈ વીશેષ પુરાવો રજુ કરેલ નથી.આમ કહેવાતા ચેક થી મેળવેલ નાણા ખરી રીતે આરોપીએ શા કારણોસર મેળવેલ તેવો કોઈ વીશેષ ખુલાસો આરોપીના ઉલટતપાસ થકી ઉઠાવેલ ડીફેન્સ થકી મળી આવતો ના હોય , આરોપી જાતેજ ગોળ ગોળ વીધાનો કરતા હોય માની શકાય નહી. અને એ રીતે આરોપી પક્ષનો આ બચાવ ટકવાપાત્ર જણાતો નથી.

વધુમા આરોપી જાતે જ ફરીયાદીએ પોતાના પર કલમ – ૧૩૮ ના ત્રણ કેસ કરેલ હોવાનુ સ્વીકારતા હોય તયારે તેમના પર કોઈ જ લેણી રકમ બાકી ના હતી તે પુરવાર કરવાની

જવાબદારી એક માત્ર આરોપીની રહે છે. જેના અભાવે પણ આ બચાવ ટકવાપાત્ર જણાતો નથી.

વધુમા નામદાર સુપ્રિમ અદાલતે આ હેતુસર આપેલ અન્ય એક ચુકાદો ટેઢીસીહ વી.નારાયણદાસ મંહત (તા. ૦૭.૦૩.૨૨) ને માનસહ વંચાણે લેવામા આવે તો તેમા પારા ૯ મા ઠરાવ્યા મુજબ 9. The Trial Court and the First Appellate Court have noted that in the case under N. I. Act the complainant need not show in the first instance that he had the capacity. The proceedings under Section 138 of the N. I. Act is not a civil suit. At the time, when the complainant gives his evidence, **unless a case is set up in the reply notice to the statutory notice sent, that the complainant did not have the wherewithal, it cannot be expected of the complainant to initially lead evidence to show that he had the financial capacity**. To that extent the Courts in our view were right in holding on those lines. However, the accused has the right to demonstrate that the complainant in a particular case did not have the capacity and therefore, the case of the accused is acceptable which he can do by producing independent materials, namely, by examining his witnesses and producing documents. It is also open to him to establish the very same aspect by pointing to the materials produced by the complainant himself. આમ આ ચુકાદાઓમા ઠરાવેલ સીધ્ધાતો આ અદાલતને બંધનકર્તા હોય, હાથ પરના કેસમા ચર્ચા કરી તે મુજબ બર્ડન ફરીથી આરોપી પક્ષે શીફટ થયા બાદથી આરોપી પક્ષ તેનુ વહન કરેલ ના હોય,

તેમના પક્ષે તયાર બાદના તબકકે સુચક રીતે મૌન રહેલ હોય, આરોપી પોતે પ્રોબેબલ ડીફેન્સ તે રીતે સ્થાપીત કરી શકેલ ના હોય, ફરીયાદી પોતાનો પક્ષ તે રીતે પુરવાર કરવામા સફળ રહેલ હોય, આરોપીના આ બચાવ માનવા લાયક જણાતા નથી.

(૨૧) આ કામે આરોપી તરફે એક બચાવ એવો પણ ઉઠાવવામા આવેલ છેકે, આ કામે જો આરોપી પર ફરીયાદીએ સને ૨૦૧૬ તથા ૨૦૧ ૭મા કેસ કરેલ હોય તો સને ૨૦૧૮ મા તેથી વધુ ઉછીની રકમ આ કેસો ચાલતા હોવા છતા આપેલ હોય, તેવુ માની શકાય નહી. પરંતુ આગળ ઉપર ચર્ચા કરી તે મુજબ આરોપી જયા એક બાજુ એમ કહેતા હોય કે ઉછીના નાણા માટે કોરા ચેકો આપેલા , બીજી બાજુ દલીલમા એમ કહેતા હોય કે , સમાધાન મા ચેકો આપેલા તથા પોતાના પર ફરીયાદીએ ત્રણ કેસ કરેલ હોવાનુ પણ સ્વીકારતા હોય તયારે વીરોધાભાસી નીવેદન કરતા હોય તયારે આ બચાવ ટકવાપાત્ર જણાતો નથી.

(૨૨) આ કામે જયારે આરોપી સમાધાન માટે ચેકો આપેલ હોવાનુ જાતે સ્વીકારતા હોય તયારે આ ફરીયાદમા રજુ તકરારી ચેક તે આ સમાધાન પેટેનો ના હોવા છતા આ કામ ના ફરીયાદીએ તેનો દુરપયોગ કરેલ હોય તેવુ પુરવાર કરી શકેલ નથી.વધુમા એક વાર આ ચેક ઉછીની રકમ માટે તથા બીજી વાર આ ચેક સમાધાન માટે , ત્રીજી વાર આ ચેક કોરા ફરીયાદી પાસે અગાઉથી પડેલ હોય, તથા અન્ય વખતે આવી કોઈ લેણી રકમ લીધેલ જ ના હોય તેવી ફરતી ફરતી રજુઆતો હોય, આરોપીનો આ બચાવ પણ ટકવાપાત્ર જણાતો નથી.

વધુમા આરોપી જાતે સ્વીકારે છેકે આ ચેક બાબતે પોલીસ સ્ટેશન મા કોઈ ફરીયાદ કરેલ નથી.આમ એ રીતે પણ પડી રહેલ કોરા ચેક નો દુરપયોગ કરાયેલ હોય તેમ આરોપી સાબીત કરવામા નીષ્ફળ ગયેલ છે.

(૨૩) આ કામે આરોપી તરફે એક બચાવ એવો પણ લેવાયેલ છે કે, આ કામે તેઓને નોટીસ બજેલ જ નથી. પરંતુ તે બાબતે જોવામા આવે તો આ કામે આરોપીએ જે કવર "નો સેમ પરસન ઓન ધ એડ્રેસ" ના શેરા પરત આવેલ છે તેના આધારે આ બચાવ લીધેલ હોવાનુ જણાય છે. પરંતુ આ શાળા નુ સરનામા છે જેના પર થી કવર પરત આવેલ છે. આરોપીએ પોતે અહી રહેતા નથી કે નોકરી કરતા નથી કે આ સરનામુ તદન અન–વેલીડ છે તેવો કોઈ બચાવ સચોટ આધાર પુરાવા ના આધારે કોર્ટ સમક્ષ દર્શાવેલ નથી કે જેનાથી તેઓ નોટીસથી સમગ્ર પણે અજાણ રહેલ હોવાનુ માની શકાય. વધુમા આ કામે આરોપીની પ્લી આંક– ૮થી થયેલ છે તેમા તેમણે ફરીયાદ અરજીમા જણાવેલ સરનામુ જ દર્શાવેલ હોય આ બચાવ પણ તે રીતે વીરોધ ના કોઈ સબળ પુરાવા ના અભાવે માનવા લાયક જણાતો નથી.

આ હેતુસર નામદાર સુપ્રિમ અદાલતનો ચુકાદો સારવ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફા. કન્સલ્ટેશન પ્રા. લી. વી. લોયડ રજીસ્ટર ઓફ શીપીગ લન્ડીયન ઓફીસ સ્ટાફ (2007 (14) SCC 753) ને માનસહ વંચાણે લઈએ તો, a strict interpretation is given that the drawer should have actually received the notice for the period of 15 days to start running no matter that the payee

sent the notice on the correct address, a trickster cheque drawer would get the premium to avoid receiving the notice by different strategies and he could escape from the legal consequences of Section 138 of the Act. It must be borne in mind that the court should not adopt an interpretation which helps a dishonest evader and clips an honest payee as that would defeat the very legislative measure.

[21] In Maxwell's Interpretation of Statutes, the learned author has emphasized that "provisions relating to giving of notice often receive liberal interpretation" (vide p. 99 of the 12th Ed.). The context envisaged in Section 138 of the act invites a liberal interpretation for the person who has the statutory obligation to give notice because he is presumed to be the loser in the transaction and it is for his interest the very provision is made by the legislature. The words in clause (b) of the proviso to Section 138 of the Act show that the payee has the statutory obligation to "make a demand" by giving notice. The thrust in the clause is one the need to "make a demand". It is only the mode for making such demand which the legislature has prescribed. A payee can send the notice for doing his part for giving the notice.

Once it is dispatched his part is over and the next depends on what the sendee does."

આ જ હેતુસર નામદાર કેરાલા હાઈકોર્ટનો ચુકાદો REENA SAJI V/S STATE OF KERALA, 2020 LawSuit(Ker) 93 તે માનસહ વંચાણે લઈએ તો તેમા પણ નામદાર કોર્ટે નોંધેલ છે કે, [14] "Receipt of the notice" by the drawer of the cheque need not be actual receipt of the notice. It could also be deemed receipt. Such deemed receipt is envisaged under Section 27 of the General Clauses Act which provides for raising a presumption of service of notice when it is sent to the correct address by registered post. [15] In view of the presumption under Section 27 of the General Clauses Act, when it is stated in the complaint that the notice has been sent by registered post to the address of the drawer, it is unnecessary to further aver in the complaint that inspite of the return of the notice unserved, it is deemed to have been served or that the addressee is deemed to have knowledge of the notice. Unless and until the contrary is proved by the addressee, service of notice is deemed to have been effected at the time at which the letter would have been delivered in the ordinary course of business. When the notice is sent by registered post by correctly addressing the drawer of the cheque, the mandatory requirement of issue of

notice in terms of Clause (b) of the proviso to Section 138 of the Act stands complied with. It is then for the drawer of the cheque to rebut the presumption about the service of notice and show that he had no knowledge that the notice was brought to his address or that the address mentioned on the cover was incorrect or that the letter was never tendered or that the report of the postman was incorrect (See Alavi Haji v. Muhammed, 2007 6 SCC 555)[16]

In Alavi Haji (supra), it has also been held that, Section 114 of the Indian Evidence Act read with illustration (f) thereunder enables the court to presume that, in the common course of natural events, the communication would have been delivered at the address of the addressee.

આમ ઉપરોકત ચુકાદામા ઠરાવેલ સીધ્ધાતો ને લક્ષમા લેતા પણ આ બચાવ ટકવપાત્ર જણાતો નથી. અને આરોપીની આ દલીલ પણ માનવાલાયક જણાતીનથી.

(૨૪) આ કામે આરોપી તરફે એક બચાવ એવો પણ લેવાયેલ છે કે, રીર્ટન મેમો ઈફેકટ નોટ કલીયર ના શેરા સાથે પરત આવેલ છે. તેથી આ મેમો પણ વેલીડ ગણી શકાય નહી.પરંતુ અહી આ ટેકનીકલ શબ્દોને જોવામા આવેતો તેમા હાલ નાણાકીય વયવસ્થાના હોય, ઈફેકટ

નોટ કલીયર તેવો શેરો બેંકીગ ટ્રાન્સજેકસનોમા કરાતો હોય, છે આમ એ રીતે આ રીર્ટન મેમો ઈન વેલીડ ગણી શકાય નહી.

(૨૫) આ કામે આરોપી તરફે એક બચાવ એવો પણ લેવાયેલ છે કે, કોરા ચેકોમા ખોટી રકમ વીગત ભરી આ ખોટી ફરીયાદ કરાયેલ છે. પરંતુ જયારે કોઈ વ્યકતી દ્રારા સામી વ્યકતીને કોરા ચેકો અપાતા હોય, તો તે વીગતો ભરી શકવાની મૌન સહમતી સાથેજ અપાતા હોય છે. આ હેતુસર કાયદાકીય જોગવાઈ જોવામા આવેતો બોડી રાઈટીગ ફીલ કરવુ કે મટીરીયલ અલ્ટરેશન કરવુ કે સહી સીવાયની બાકીની વીગતો ભરવી તે કોઈ વાજબી બચાવ નથી.

આ હેતુસર નામદાર ગુજરાત હાઈકોર્ટ ના નીખીલ ગાંધી વી. સ્ટેટ ઓફ ગુજરાત ના કેસ માનસહ વંચાણે લઈએ તો તેમા નામદાર અદાલતે પારા ૪૭ મા ઠરાવેલ છેકે, (47.) If a principal or employer deputes his agent or employee to purchase an article and if the dealer fills up that signed blank cheque leaf showing the exact amount covered by the bill showing the price of the article sold then it cannot be said that what was handed over by the drawer of the cheque is only a signed blank cheque leaf. In such cases an implied authority to the trader/seller of the article to fill up the cheque leaf can certainly be inferred. Similarly, there may also be cases where at the time of settlement of the accounts, a particular

amount was found payable by the drawer of the cheque to the other party and if a signed blank cheque entrusted to be filled up later is filled up in tune with the accounts, showing the actual amount payable by the drawer of the cheque to the other party, then also it can be said that there was the implied authority to fill up the signed blank cheque leaf. There may be such instances where the sum is ascertainable and the signed blank cheque leaf is given to fill up the same after ascertaining the same.

In such cases there would be no difficulty to infer an implied authority given by the drawer. Simply because the cheque is seen filled up or written in the hand writing of another person it cannot lead to a conclusion that only a signed blank cheque leaf was given. The person signing the cheque may have difficulty due to many reasons to write the cheque and it might have been filled up by the payee or by another. In such cases it cannot be said that what was handed over was only a signed blank cheque leaf. In all such cases the ultimate conclusion may depend upon

the proof of the transaction and execution of the instrument. It must also be held that when it is a case that only a signed blank leaf was handed over by the accused, then he must offer satisfactory explanation as to the circumstances under which the signed blank cheque happened to be handed over. Considering the totality of the evidence and circumstances, it is for the court to draw the inference as to whether it was given with an implied authority to fill up the same showing the amount ascertained or ascertainable to discharge the debt or liability. Therefore, there may be such cases where implied authority can be inferred. But the contention that when a signed blank cheque leaf is handed over, it can never be filled up and that if it is filled up it would amount to a material alteration within the meaning of using Section 87 of the N.I. Act, does not stand to rhyme or reason. Similarly, the contention that Section 20 of the N.I. Act is applicable to an unfilled or blank cheque leaf also cannot be accepted. It would depend upon the facts of each case. Therefore , it is neither a case which attracts Section 87 of the N.I. Act nor is it a case where the complainant

can rely upon Section 20 of the N.I. Act and contend that as a signed blank cheque leaf is given it gives an authority to fill up the same according to the whim and fancy of the payee. [See: P. Purushothaman Nair v. K. Sreekantan Nair] આમ, અહી તે રીતે પણ ચેક સહી સાથે રજુ થયેલ હોય બાકીની વીગતો ભરવા પરવાનગી આપેલ હશે તેવુ માની જ શકાય. આમ આરોપીનો ઉપરોકત તમામ બચાવો માનવાપાત્ર જણાઈ આવતા નથી.

(૨૬) આમ, ઉપરોકત પુરાવો સમગ્ર રીતે જોતા આરોપીએ હાલની ફરીયાદ વાળો ચેક કાયદેસરના લેણા પેટ આપેલ હોવા બાબતે શંકા પ્રેરે તેઓ પુરાવો આપેલ ન હોવાનુ જણાઈ આવે છે અને આરોપીનો સદર ડીફેન્સ પ્રોબેબલ હોવાનું જણાઈ આવતુ નથી.

(૨૭) આમ ઉપરોકત પુરાવા પરથી એ હકીકત સાબિત થાય છે કે ફરીયાદીએ આરોપીને આપેલ નાણાંની પરત ચુકવણી પેટે આરોપીએ તકરારી ચેક ઈસ્યુ કરવામાં આવેલ હોવાનું પણ પુરવાર થાય છે. જયારે આરોપીએ તરફેના સમગ્ર પુરાવો જોવામાં આવે તો ફરીયાદીના સદર પુરાવા પર શંકા ઉત્પન્ન થાય તેવો કોઈ માનવા લાયક પુરાવો રજુ કરેલ નથી.

(૨૮) ઉપરોકત તમામ હકીકતો નજરે લેતાં અને હાથ પરના કેસમાં પડેલા તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં, ચેકની રકમનું ફરીયાદીનુ કાયદેસરનું લ્હેણુ આરોપી પાસે બાકી પડતું હોવાનું અને તેના બદલામાં તકરારી ચેક ઈસ્યુ કરેલ હોવાનું અને તે ચેક

બેન્કમાં ભરતાં રીટર્ન થયેલ હોઈ નિયત સમયમાં નોટીસ આપેલ હોવાનું અને ફરીયાદીએ ત્યારબાદ નિયત સમયમાં ફરીયાદ દાખલ કરેલી હોઈ, ફરીયાદપક્ષ આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો પુરવાર કરી શકેલ હોવાનું ફલિત થતું હોઈ મુદ્દા નં–૧ નો નિર્ણય હકારાત્મકમાં ઠરાવવામાં આવે છે અને આરોપી ને નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ ના ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૨૯) આ કામે આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ : ૧ ૩૮ ના ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવેલ હોય ન્યાયને ખાતર આરોપીને સજાના પ્રમાણ બાબતે સાંભળવા ઉપર કેસ મુલતવી રાખવામા આવે છે.

તારીખ :– ૧૦/૦૩/૨૦૨૬ સ્થળ :– ગાંધીનગર	(એફ.એન.સોલંકી) ત્રીજા એડી. સીવીલ જજ અને જે.એમ.એફ.સી. (જજ કોડ–જીજે૦૧૫૫૨)

સજા અંગે સાંભળ્યા

(૩૦) હાલના કામે ફરીયાદી તથા તેમના વિ.વ.શ્રી હાજર છે. આરોપી કે તેમના વિ.વ.શ્રી હાજર છે.

(૩૧) ફરીયાદી તરફે વિ.વ.શ્રીની એવી રજુઆત છે કે, હાલના આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. હાલના સમયમાં ચેકો રીર્ટન થવાના કિસ્સા વધી રહેલ છે. સમાજમાં દાખલો બેસાડવો જરૂરી બની જાય છે. જેથી આરોપીને કાયદા મુજબની મહતમ સજા કરવી જોઈએ અને વળતર અપાવવો જોઈએ.

(૩૨) આ અદાલતમાં આરોપી તરફે હાજર રહી તેઓના વિધ્વાન વકીલ શ્રી એ સજા અંગે રજુઆત કરતા જણાવેલ છે કે, આ કામે આ આરોપી ઉમરલાયક વ્યકતી હોય આ કામે તેઓને ઓછામા ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૩૩) બંને પક્ષોને સજા અંગે સાંભળયા. આ કામે એ પણ હકીકત છે કે, હાલના યુગમાં કોઈપણ વ્યકિત, કોઈ પણ ભોગે મોટી રકમ મેળવવા કે માલસામાન ખરીદતી વખતે કે ઉછીના નાણાં લેતી વખતે તે સામે ખોટા ચેકો લખી આપી, ઘણી વાર તો કોરા ચેકો આપતા હોવાના કીસ્સા વધી રહેલ છે. પરંતુ રકમ કે માલસામાન કે હાથ ઉછીની રકમ મેળવ્યા બાદ તે રકમ અથવા માલ સામાનનું મુલ્ય પરત કરતા નથી અને નાણાં ન ચૂકવવા પડે તે માટે કાયદાનું

ખોટુ અર્થઘટન કરી, તેનો દુરપયોગ કરતાં રહે છે. રકમ પરત કરતા નથી અને ચેકો વગર સ્વીકારયે પરત થતાં રહે છે તે ખૂબ ગંભીર બાબત ગણાય અને આવા ગુન્હાઓ દિનપ્રતીદીન વધી રહયા છે. જેના ઉપર અંકુશ રાખવો જરૂરી છે. સામાન્ય રીતે સજાની માત્રા કેવી હોવી જોઈએ તે બાબતે નામદાર વડી અદાલત તથા નામદાર સર્વોચ્ચ અદાલતના માર્ગદર્શક ચૂકાદાઓ ઉપલબ્ધ છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટમાં સદરહુ જોગવાઈ સુધારાથી દાખલ કરવા પાછળ લેજીસ્લેચરનો હેતુ બેન્કનું કામકાજ તેના નિયમોનુસાર અને કોઈપણ જાતના અવરોધ વિના સતત અવિરતપણે ચાલતું રહે તે માટેનું છે. આ કામે આરોપીએ ફરીયાદી પાસેથી નાણા ઉછીના લઈ તે પેટેની રકમ ચુકવવા તેમની સહી વાળો ચેક ફરીયાદીને આપેલ છે જે ચેક વગર સ્વીકારયે પરત ફરેલ છે. નોટીસ આપ્યા બાદ પણ નાણા પરત કરેલ નથી. લાંબો સમય કેસ ચાલતા દરમ્યાન પણ કાયદેસરના લેણાના નાણા પરત કરવા કોઈ રકમ પરત કરેલ નથી. કાયદા પાછળનો હેતુ તથા આરોપીની વર્તણુક લક્ષમાં રાખતા, આરોપી માત્ર ઉંમરલાયક છે તેટલા માત્ર થી તેમના પ્રત્યે દયા રાખવી ન જોઈએ અને સમાજમાં દાખલો બેસે, લોકોનો રોજ રોજની નાણાં કીય વ્યવસ્થામાં વિશ્વાસ ટકી રહે તે માટે આરોપીને ચોકકસપણે સજા કરવી જોઈએ તેમ આ અદાલતનું માનવું છે. કારણ કે, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર કાયદો ઘડવા પાછળનો લેજીસ્લેચરનો ઈરાદો

કાયદાને અસરકારક બનાવવાની મુખ્ય ફરજો અદાલતોની છે અને જો તે મુજબ ન કરવામાં આવે તો લોકોનો રોજબરોજની નાણાં કીય લેવડ–દેવડની વ્યવસ્થામાંથી વિશ્વાસ ઉઠી જશે, લોકો ચેકોનો બેફામ દુરઉપયોગ કરતાં અચકાશે નહી જેના કારણે ભારતીય અર્થતંત્ર કે જે વિકાસશીલ અર્થતંત્ર છે તેને નુકસાન થાય તેમ છે.

(૩૪) હાલના કેસની હકકીતો અને સંજોગો લક્ષમાં લઈએ તો, આરોપી પોતે ઠરેલ નોકરીયાત તરીકે શીક્ષક ની નોકરી કરનાર વ્યકતી છે. ઉછીના લીધેલ નાણા પરત કરવાની અને આર્થીક મદદ માટે લીધેલ નાણા સમયસર પરત કરવાની અને દરેક વ્યકતીને રહેલ નાણાની જરુરીયાત આ તમામ બાબતોની ગંભીરતા તેમને ખ્યાલ હોવી જ જોઈએ. અત્રેની કોર્ટમાં કેસ ચાલતા દરમ્યાન આરોપી તરફે ફરીયાદીને ચેકની રકમ ચૂકવવામાં આવેલ નથી. આમ બેલેન્સ ન હોવા છતા ખોટો ચેક આપવાનો ઈરાદો આરોપી એ પહેલેથી જ સેવેલ હોવાનુ જણાય છે. આમ આરોપીની દાનત, રકમ ફરીયાદીને પરત નહીં આપવાનું જણાય છે. આરોપીની વર્તણૂકને લક્ષે રાખી, તેને પ્રોબેશનનો લાભ આપવો પણ યોગ્ય જણાતો નથી. તે ઉપરાંત આ અદાલતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ ૧૩૮ માં જણાવેલ સજાની જોગવાઈઓ પણ લક્ષે લીધેલ છે. **[138. Dishonour of cheque for insufficiency, etc., of funds in the account.** —Where any cheque drawn by a person on an account maintained

by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provisions of this Act, **be punished with imprisonment for [a term which may be extended to two years], or with fine which may extend to twice the amount of the cheque, or with both:**

ફરીયાદી તરફે વળતરની રજુઆત લક્ષે લીધી. આ અદાલતે નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૭(૧) જી.એલ.એચ.પાના નં .૨૨૫ શંકરલાલ એન્ડ પરમાર વિરૂઘ્ધ દિનેશ બાબુલાલ બોરીયાવાળા વિગેરેના ચૂકાદાની હકીકતો લક્ષમાં લીધેલ છે, જેમાં સજા કરતી વખતે દંડ ચૂકવવાનો આદેશ દૂર કરેલ હતો, પરંતુ વળતર ચૂકવવાનો આદેશ યથાવત રાખવામાં આવેલ હતો તે ચૂકાદા અનુસાર આરોપીને દંડ અને વળતર ચૂકવવાનો હુકમ એક સાથે ન કરી શકાય, તે હકીકત આ અદાલતે લક્ષે લીધેલ છે. સદર

કામે આરોપી સામેના ગુનાનો પ્રકાર તથા આંક –૧૬ વાળો ચેક આપેલ હોવાની ફલીત થતી હકીકત ધ્યાને રાખી તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૪(૨) જી.એલ.એચ. પાના નંબર – ૨૯, આર.સી. મહેતા વિરૂધ્ધ ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર કંપની લી.ના ચુકાદામાં જણાવેલ હકીકતે ધી નેગોસીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ કરવાના ધારાસભાના આશય ધ્યાને રાખી તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૯(૨) ની જોગવાઈ ધ્યાને લઈને આ અદાલત મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબનો "આખરી હુકમ" કરે છે.

<u>–:: આ ખ રી હુ ક મ ::–</u>

૧) આ કામના આરોપી અનિલકુમાર બબલદાસ નાયક નોકરી સરનામુ– શિક્ષકશ્રી જે.એસ.પટેલ વિધામંદિર, રાંધેજા, તા.જી. ગાંધીનગર રહેઠાણનુ સરનામુ– પ્લોટ નં. ૪૦૫/૧, કિસાનનગર, સેકટર–૨૬, ગાંધીનગરનાઓને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ મુજબના સજા ને પાત્ર ગુન્હામાં ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને સદર ગુનામાં આરોપીને એક (૧) વર્ષની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

૨) ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૭(૩) મુજબ ફરીયાદવાળા ચેકની રકમ રૂા.૫,૦૦,૦૦૦ /– (અંકે રૂપિયા પાંચ લાખ પુરા) આરોપીએ ફરીયાદીને વળતર પેટે આ હુકમ તારીખ થી એક માસની

અંદર ચુકવી આપવી. જો આરોપી વળતરની રકમ હુકમ તારીખથી એક માસની અંદર ચુકવવામાં નિષ્ફળ જાય તો વધુ છ માસની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

૩) આ કામના આરોપીએ જે સજા ભોગવેલ હોય તો, સી.આર.પી.સી.ની કલમ–૪૨૮ મુજબ ભોગવેલ સજા મજરે આપવી.

૪) આ હુકમની ખરી નકલ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૬૩(૧) અન્વયે આરોપીને તાત્કાલીક વિના મુલ્યે પુરી પાડવી.

આ હુકમ આજરોજ તા. ૧૦થી, માહે– માર્ચ, સને –૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, તેઓની સહી કરી, જાહેર કર્યો.

તારીખ :– ૧૦/૦૩/૨૦૨૬ સ્થળ :– ગાંધીનગર	(એફ.એન.સોલંકી) ત્રીજા એડી. સીવીલ જજ અને જે.એમ.એફ.સી. (જજ કોડ–જીજે૦૧૫૫૨)